કર્ણાટકમાં કોંગ્રેસનો જયજયકાર

બેંગ્લોર,તા. ૮

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે જોરદાર સપાટો બોલાવીને ૧૨૧ બેઠકો જીતી લીધી છે. તમામ બેઠકોના પરિણામ જાહેર કરી દેવામાં આવ્યા બાદ કુલ ૨૨૩ પૈકી કોંગ્રેસે ૧૨૧ બેઠકોમા જીત મેળવી સાત વર્ષના લાંબા ગાળા બાદ કોંગ્રેસે ફરી સત્તામાં વાપસી કરી છે. ૧૨ પ્રધાનો ચૂંટણીમાં હારી ગયા છે. શાસક પક્ષ ભાજપને આંતરિક વિખવાદના કારણે કર્ણાટક જેવું મહત્વપૂર્ણ રાજ્ય ગુમાવી દેવાની ફરજ પડી છે. કોંગ્રેસે તેના જુના પરંપરાગત દક્ષિણ ભારતના ગઢમાં જીત મળી છે. ભાજપને ખૂબ ઓછી એટલે કે ૪૦ બેઠક મળી છે. પાંચ વર્ષ અગાઉ ભાજપે શાનદાર દેખાવ કરીને જીત મેળવી હતી. છેલ્લી ચૂંટણીમાં ભાજપે શાનદાર દેખાવો કરીને તમામને ચોંકાવી દીધા હતા. યેદિયુરપ્પાના નેતૃત્વમાં કેજીપી દ્વારા ભાજપને સૌથી વધારે નુકસાન પહોંચાડવામાં આવ્યુ છે. ૨૦૦૮ની ચૂંટણીમાં ૨૮ બેઠક જીતનાર જેડીએસને આ વખતે ૪૦ બેઠકો મળી છે. ૨૦૦૮ની ચૂંટણીમાં ભાજપે ૧૧૦ બેઠકો જીતી હતી જેની સરખામણીમાં આ વખતે માત્ર

૪૦ બેઠકો મળી છે. અગાઉ મતગણતરીની પ્રક્રિયા આજે વિધિવત રીતે આજે સવારે શરૂ થઈ હતી. આની સાથે જ પ્રવાહ આવવાની પણ શરૂઆત થઈ ગઈ હતી. એક્ઝિટ પોલ અને ઓપિનીયન પોલના તારણ સાચા સાબિત થયા હતા અને કોંગ્રેસે શાનદાર દેખાવ સાથે સત્તામાં વાપસી કરી છે. ફળી વળ્યું હતું. જો કે

કર્ણાટક વિધાનસભાની પરિણામ બાદની સ્થિતિ

કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટે મતગણતરી યોજાયા બાદ તમામ પરિણામો સાંજ સુધીમાં જાહેર કરાયા હતા. જે સ્થિતિ ઉભરી છે તે નીચે મુજબ છે.

કર્ણાટક વિભાનસભાની કુલ બેઠક	૨૨૪
ચૂંટણી યોજાઈ	૨૨૩
પરિણામ જાહેર થયા	૨૨૩
કોંગ્રેસ	૧૨૧
ભાજપ	૪૦
જેડીએસ	૪૦
કર્ણાટક જનતા પાર્ટી	૬
અન્યો	૧૬

પ્રવાહ મળવાની શરૂઆત થવાની સાથે જ કોંગ્રેસના કાર્યકરોમાં ઉત્સાહનું મોજું ભાજપને પણ ધારણા પ્રમાણે નુકસાન થયુ હતુ. ૨૨૩ બેઠકો માટે વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. ત્યારબાદ આજે સવારે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં અનેક ટોચના ઉમેદવારોના ભાવિનો પણ ફેંસલો થયો છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી ડી એસ યેદીયુરપ્પા, મુખ્યમંત્રી પદના દાવેદાર સિદ્ધા રામીયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભૂતપૂર્વ પૂર્વ મુખ્યમંત્રી એચ ડી કુમાર સ્વામી અને તેમના પત્ની અનિતા પણ ચૂંટણી મેદાનમાં હતા. પરિણામ આવવાની શરૂઆત થવાની સાથે જ કોંગ્રેસે શરૂઆતમાં લીડ મેળવી લીધી હતી.

વિપક્ષમાં બેસવા માટે પૂર્ણ તૈયાર છીએ : કુમારસ્વામી

બેંગ્લોર,તા. ૮

ભૂતપૂર્વ વડાપ્રધાન એચડી દેવીગૌડાના નેતૃત્વમાં જનતાદળ(એસ)ને વિધાનસભાની ચૂંટણીમાં ખુબ શાનદાર સફળતા હાથ લાગી છે અને તેમની પાર્ટી ભાજપ કરતા વધારે બેઠકો જીતવામાં સફળ રહી છે ત્યારે જેડીએસને આશા છે કે તે કર્ણાટકની ચૂંટણી યોજાઈ ગયા બાદ હવે લોકોના કલ્યાણ માટે વધુ સારી કામગીરી કરશે. કુમાર સ્વામીએ કહ્યુ છે કે તેઓ કોઈ કિંગ મેકર નથી. વિપક્ષમાં બેસવા માટે તૈયાર છે. પાર્ટીના રાજ્યએકમના વડા અને દેવીગૌડાના પુત્ર કુમાર સ્વામી પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે જો જનતાના આશીર્વાદ અમને વિપક્ષમાં બેસવા માટે મળ્યા છે તો અમે વિપક્ષમાં બેસીશું. કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી પાંચમી મેના દિવસે યોજાઈ હતી અને આજે મતગણતરી યોજાયા બાદ પરિણામો આવ્યા હતા. કુમાર સ્વામીએ કહ્યુ હતુ કે કર્ણાટકમાં જેડીએસે પોતાની બેઠકો જાળવી રાખી છે. સાથે સાથે ભાજપની બેઠકો પણ આંચકી છે. કુમાર સ્વામીનું કહેવું છે કે અમે નિશ્ચિતપણે વિપક્ષમાં બેસીસુ અને જનતાના હિતોનું રક્ષણ કરીશું. અમે પરાજયને સ્વીકાર્ય છે.

ભાજપ સાથે કોઈ આંતરિક સમજૂતિ હોવાનો કુમારસ્વામીએ ઇન્કાર કર્યો હતો. કુમારસ્વામીએ કહ્યુ હતુ કે ભાજપ સાથે કોઈ પણ પ્રકારની સમજૂતિ નથી. કોઈ આંતકીર સોદો થયો નથી. કોંગ્રેસ પાર્ટીની જીત થઈ છે. મીડિયાના સંબંધમાં વાત કરતા તેમણે કહ્યુ હતુ કે મીડિયાની ભૂમિકા મહત્વની રહી છે. લોકોને માત્ર મીડિયાએ જ પ્રભાવિત કર્યા છે જેથી આ જીત કોંગ્રેસની નથી બલકે મીડિયાની જીત છે. જેડીએસે ભાજપને ત્રીજા ક્રમાંકે ફેંકી દઈને તમામને આશ્ચર્યચકિત કરી દીધા છે.

યેદિયુરપ્પા સાથે વિખવાદ અને અન્ય કારણોસર હાર થઈ : ભાજપ

બેંગ્લોર,તા. ૮

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર ખાધા બાદ ભાજપની છાવણીમાં હતાશાનું મોજુ ફરી વળ્યુ હતુ. હારથી ભાજપના નેતાઓ સ્તબ્ધ થઈ ગયા છે. પાર્ટીએ કર્ણાટકમાં પોતાની ખામીઓને કબૂલીને કહ્યુ છે કે બીએસ યેદિયુરપ્પા દ્વારા ભાજપ સાથે છેડો ફાડી લેવામાં આવ્યા બાદ ભારે નુકસાન થયુ છે. પક્ષના મહાસચિવ રાજીવપ્રતાપ રૂડીએ કર્ણાટકની હાર અંગે પુછવામાં આવતા કહ્યુ હતુ કે અમે નાખુશ અને ચિંતિત છીએ. સાથે સાથે અમે એવી કબૂલાત પણ કરીએ છીએ કે યેદિયુરપ્પાની બાદબાકીથી

નુકસાન થયુ છે. ભાજપ માટે કેટલાક એવા કારણ હતા જેના લીધે હાર થઈ છે. પક્ષના કાર્યકરોનો નૈતિક જુસ્સો ભાંગી પડ્યો હતો. તેમણે એમ પણ કહ્યુ હતુકે પક્ષ હારના કારણોની ચકાસણી પણ કરશે અને આટલી ખરાબ હાર કેમ થઈ તેની ખાતરી કરવામાં આવશે. પક્ષના વરિષ્ઠનેતા રવિશંકર પ્રસાદે પણ કહ્યુ હતુ કે પૂર્વ પાર્ટી નેતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી યેદિયુરપ્પા ભાજપની મતહિસ્સેદારી પોતાના ખાતામાં લઈ જવામાં સફળ રહ્યા છે. અલબત્ત યેદિયુરપ્પા સાથે છેડો ફાડી લેવાના નિર્ણયને યોગ્ય ઠેરવીને તેમણે કહ્યુ હતુ કે ભ્રષ્ટાચારના ગંભીર મુદ્દા હતા. લોકાયુક્ત દ્વારા પણ ગંભીર નોંધ લેવામાં આવી હતી જેના લીધે યેદિયુરપ્પા સાથે છેડો ફાડી લેવાની ફરજ પડી હતી. પ્રસાદે કહ્યુ હતુ કે કેટલાક મુદ્દાઓ પર બાંધછોડ કરી લેવાય નહીં. ભ્રષ્ટાચાર એક એવો મુદ્દો છે જેની સાથે બાંધછોડ કરી શકાય નહીં. વર્ષ ૧૯૮૯ બાદથી કર્ણાટકના રાજકારણમાં એવી સ્થિતિ રહી છે કે પાર્ટી કર્ણાટકમાં જીતે છે તે લોકસભામાં હારી જાય છે જેથી અમને એવો વિશ્વાસ છે કે લોકસભા ચૂંટણીમાં અમારી જીત થશે. ભાજપ પ્રવક્તા શાહનવાઝ હુસૈને કહ્યુ હતુ કે અમારી કેટલીક નબળાઈઓ રહી છે. કોંગ્રેસ પોતાની કુશળતાના કારણે જીતી નથી. કોંગ્રેસે હસીન સ્વપ્ન જોવા જોઈએ નહીં. ભ્રષ્ટાચારમાં ફસાયેલી કોંગ્રેસને કર્ણાટકમાં જીતથી થોડીક રાહત ચોક્કસ થઈ છે પરંતુ તેને મોટા સ્વપ્ન જોવાની જરૂર નથી. આગામી દિવસોમાં ભાજપના વરિષ્ઠનેતાઓની ફરી બેઠક મળશે જેમાં કર્ણાટકમાં રાજકીય સ્થિતિ પર ચર્ચા કરીને પક્ષને મજબુત કરવા ધ્યાન અપાશે.

બાંગ્લાદેશ ઈમારત દુર્ઘટનામાં મોતનો આંક વધીને ૭૬૧ થયો

ઢાકા,તા. ૮

બાંગ્લાદેશમાં હજુ સુધીની સૌથી વિનાશકારી ઈમારત દુર્ઘટનામાં મોતનો આંકડો બનાવના ઘણા દિવસ બાદ હજુ પણ સતત વધી રહ્યો છે જેના પરિણામ સ્વરૂપે બચાવ કામગીરી બંધ કરવામાં આવી નથી. એક પખવાડિયા બાદ પણ કાટમાળ હેઠળથી મૃતદેહો હાથ લાગી રહ્યા છે. આજે ડઝનથી વધુ મૃતદેહ મળી આવ્યા બાદ આ દુર્ઘટનામાં મોતનો આંકડો વધીને ૭૬૧ ઉપર પહોંચી ગયો હતો. ગારમેન્ટ ફેક્ટરી જ્યાં આવેલી છે તે સંકુલ ધારાશાયી થઈ જતાં આ બનાવ બન્યો હતો. બચાવ અને રાહત કામગીરી સાથે સંકળાયેલા સૈનાના પ્રવક્તા મિર રબ્બીએ કહ્યું છે કે મોતનો આંકડો ૭૬૧ ઉપર પહોંચ્યો છે પરંતુ રિકવરી ઓપરેશન હજુ ચાલુ રાખવામાં આવ્યું છે. કારણ કે હજુ પણ મૃતદેહો વધી શકે છે. કાટમાળ હેઠળથી ૨૪૩૭ લોકોને જીવીત બચાવવામાં આવી ચૂક્યા છે. ૭૦ ટકા બચાવ કામગીરી પૂરી કરી લેવામાં આવી છે.

સમાચાર ઝલક

- વસ્ત્રાપુરમાં ૧૭ લાખ રૂપિયાની ચોરી.
- લાલ દરવાજાએ એમ.ટી.એસનો અકસ્માત ૧ નું મોત.
- ખૈબર પખ્તુનમાં આત્મઘાતી હુમલો, બેનાં મોત, અનેક ઘાયલ.
- લોકસભા અનિશ્ચિતકાળ માટે સ્થગિત.
- પાકિસ્તાનની પોતાના નાગરીકોને ભારતમાં જતાં સાવધ રહેવાની સલાહ.
- જન્મના પ્રથમ દિવસે પ્રતિ વર્ષ ૩૦,૯૦,૩૦૦ શિશુઓનાં મૃત્યુ.
- તલાલા યાર્ડમાં એક દિવસમાં ૧૮૦૦૦ બોક્સ કેરીના આવ્યા, વિદેશોમાં નિકાસ.
- જૂનાગઢમાં પ્રાથમિક શિક્ષણાધિકારીને માર માર્યો.
- ઢાકામાં ઘમસાણ, ૩૭થી વધુ મોત, ધર્મની નિંદા કરનારાઓ સામે કાયદો બનાવવા માગ.
- પાકિસ્તાનની ચૂંટણીમાં ઇમરાનખાન ગબડી પડ્યા, માથે ૬ ટાંકા આવ્યા.
- કાલીભડા ગામના તલાટીએ ૪૭૧ બોગસ લગ્નની નોંધણી કરી.
- આજે વિશ્વભરમાં થેલેસેમિયા દિવસની ઉજવણી.
- આગામી દિવસોમાં સોના-ચાંદીમાં ભાવ ઘટાડો થવાની શક્યતા.
- વિદેશોની જેલમાં ૬૫૦૦થી વધુ કેદીઓ સજા ભોગવે છે, કુવેતમાં ૧૬૯૧ પ્રથમ ક્રમાંક છે.
- કોબરા પોસ્ટના મામલે જીવનવીમા નિગમના ૧૫ ઉચ્ચ ઓફિસરોને પાણીચું, કેટલીક બેંકોના ઓફિસરોને પાણીચું પકડાવવાની તૈયારી!!!
- રાજકપૂરની ૮૩ વર્ષીય પત્ની કૃષ્ણાની હાલત ગંભીર, બિમાર પુત્રી રીતુ પણ કેન્સરગ્રસ્ત.
- રાજયના કર્મચારીઓને વધુ જવાબદાર બનાવાશે, છ મહિનામાં કમિટિ રીપોર્ટ આપશે.
- મુંબઇમાં એલ.ટી.સી. વિરૂદ્ધ સરકાર વેપારીઓ આક્રમક મૂડમાં, ૯૦ ટકા દુકાનો બંધ, કરોડોનું નુકસાન.
- વેકેશન જામ્યુ એસ.ટી.ની દૈનિક આવક વધવા લાગી.
- ગુટખા પરનો પ્રતિબંધ માત્ર દેખાવ પુરતો, આઠ માસમાં એક પણ કેસ નોંધાયો નથી ?
- પાંચ માસ બાદ સીંગતેલનો ડબ્બો રૂા. ૨૦૦૦ની નીચી સપાટીએ.
- રેલ્વેમંત્રી બંસલની ઓફિસમાં અધિકારીઓ ઉપર હવે ચાંપતી બાજ નજર.
- રાજયમાં ૧૩ થી ૧૫ જૂને શાળા પ્રવેશોત્સવ યોજાશે, તૈયારીઓ શરૂ.

સંસદ અચોક્કસ મુદ્દત માટે મુલતવી

નવી દિલ્હી,તા. ૮

વડાપ્રધાન મનમોહનસિંહ, કાયદા પ્રધાન અશ્વિની કુમાર અને રેલવે પ્રધાન પવનકુમાર બંસલના રાજીનામાની માંગને લઈને વિપક્ષ અને સત્તાપક્ષ વચ્ચે ઉભી થયેલી મડાગાંઠ વચ્ચે સંસદની કાર્યવાહી આજે અચોક્કસ મુદ્દત માટે મોકુફ કરી દેવામાં આવી હતી. નિર્ધારિત સમય કરતા બે દિવસ પહેલા જ કાર્યવાહી મોકુફ કરી દેવામાં આવી છે. આની સાથે જ નેશનલ ફુડ સિક્યુરીટી બિલ અને જમીન અધિગ્રહણ બિલ જેવા મહત્વના બિલ પસાર થઈ શક્યા નથી અને તેમનું ભાવિ અટવાઈ પડ્યુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૨મી એપ્રિલના દિવસે શરૂ થયેલા સંસદના બજેટ સત્રમાં બીજા તબક્કામાં કાર્યવાહી ૧૦મી મે સુધી ચાલનાર હતી. જુદા જુદા મુદ્દાઓ પર જુદા જુદા પક્ષો વચ્ચે ધાંધલ ધમાલ વચ્ચે લોકસભાની બેઠક ફરી એકવાર મોકુફ કરાઈ હતી. બપોરે ૧૨ વાગ્યે આ બેઠક શરૂ થઈ ત્યારે ફરી હોબાળો થયો હતો. આ ધાંધલ ધમાલ વચ્ચે લોકસભા અધ્યક્ષ મીરાકુમારે કેટલાક જરૂરી દસ્તાવેજો ટેબલ પર મુકાવ્યા હતા. ત્યારબાદ શાંતિ જાળવી રાખવા અપીલ કરી હતી. સભ્યોને પોત પોતાની જગ્યા પર બેસી જવા કહ્યુ હતુ. સ્થિતિમાં સુધારો ન થતા તરત જ લોકસભાને અચોક્કસ મુદ્દત માટે મોકુફ કરતા પહેલા પરંપરાગત રાષ્ટ્રીય ગીત વંદેમાતરમ્‌ની ધૂન વગાડવાનો આદેશ કર્યો હતો ત્યારબાદ કાર્યવાહીને મોકુફ કરી દેવાઈ હતી. વંદેમાતરમ્‌ની ધૂન વગાડવામાં આવી ત્યારે એક સભ્ય બહાર જતા રહેતા મીરાકુમારે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યુ હતુ કે ભવિષ્યમાં આ પ્રકારનું વર્તન થવું જોઈએ નહીં. સંસદને અચોક્કસ મુદ્દત માટે મોકુફ કરી દેવામાં આવતા સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો સંપૂર્ણપણે વોશઆઉટ થઈ ગયો છે. એકાએક સંસદના સત્રને ટૂંકાવી દેવાની સાથે જ નેશનલ ફુડ સિક્યુરીટી બિલ અને જમીન અધિગ્રહણ બિલ જેવા ચાવીરૂપ બિલનું ભાવિ અધ્ધરતાલ થઈ ગયુ છે. આ બિલ પાસર કરી શકાયા નથી. એક માત્ર બજેટની પ્રક્રિયાને પૂરી કરવામાં આવી હતી. રેલવે બજેટ વિપક્ષના વોકઆઉટ બાદ ચર્ચા વગર પસાર કરવામાં આવ્યુ હતુ. લોકસભામાં ફુડ સિક્યુરીટી બિલ પસાર કરવાના તમામ પ્રયાસો કરાયા હતા પરંતુ ભાજપે સાફ શબ્દોમાં કહ્યુ હતુકે જો કોંગ્રેસ બંસલ અને અશ્વિની કુમારના રાજીનામા સ્વીકારશે તો જ આને તક આપવામાં આવશે. રાજ્યસભાના અધ્યક્ષ હમિદ અંસારીએ ગૃહની કામગીરી અંગે કઠોર ટિપ્પણી કરી હતી અને કહ્યુ હતુ કે કામગીરી વારંવાર મોકુફ કરવી યોગ્ય નથી. સંતુલત જાળવી રાખવાની જરૂર છે. બજેટ સત્ર દરમિયાન સામાન્ય બજેટ અને રેલવે બજેટ રજુ કરવામાં આવ્યા હતા. આ બંને બજેટ પ્રથમ તબક્કામાં રજુ કરવામાં આવ્યા હતા ત્યારબાદ બ્રેકની સ્થિતિ રહી હતી અને બીજો તબક્કો ૨૨મી એપ્રિલે શરૂ થયો હતો.

વિદેશી પ્રવાસીઓનો ભારત પ્રત્યે ક્રેઝ વધ્યો

વિદેશી પ્રવાસને પ્રોત્સાહન આપવા માટે સરકારે શ્રેણીબદ્ધ પગલાં લીધા છે. આ પગલાં ૧લી એપ્રિલથી અમલી બની ગયા છે. આના ભાગરૂપે વિશ્વના કોઈપણ દેશોમાંથી પરિવારના ચાર સભ્યો અથવા ગ્રૂપમાં આવતા ચારથી વધુ લોકોને વીઓએની સુવિધા મળશે. માત્ર નકારાત્મક દેશોની યાદીમાં રહેલા લોકોને આ સુવિધા નહીં મળે. ભારતમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે. ભારતમાં એક વર્ષમાં ૬૦ લાખથી વધુ વિદેશી પ્રવાસીઓ આવે છે. વિદેશી પ્રવાસીઓની વિશ્વમાં હિસ્સેદારી ભારતમાં ઓછી નથી. વ્યક્તિગત વીઓએ સ્કીમ હેઠળ આવતા પ્રવાસીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૦૧૧માં ૧૨૭૬૧ વીઓએ જારી કરવામાં આવ્યા હતા જે ૨૦૧૨માં ૧૬૦૮૪ને જારી કરાયા હતા. આનો મતલબ એ થયો કે આમા ૨૬ ટકાનો વધારો થયો હતો. જાન્યુઆરી-માર્ચ ૨૦૧૩માં ૫૭૪૪ વીઓએ જારી કરાયા હતા.

પોઝિટિવ થિન્કિંગ (પાના નં. ૪ નું ચાલુ)

ત્યાંના એક અધિકરીનું તો કહેવું છે કે તે બોલાવવા ખાતર દર અઠવાડિયે અધિકારીઓની મિટીંગ બોલાવી લે છે, પણ કોઇની વાત માનવા કે સાંભળવા તૈયાર નથી હોતી. કદાચ કોઇ એને સલાહ આપે તો તે કહેશે કે 'મને તમારાથી વધુ અનુભવ છે.'

જો બધા શાંત રહે તો કહેશે કે 'મેં તમને વાતચીત કરવા બોલાવ્યા છે, અહીં પથ્થરની મૂર્તિની જેમ બેસી રહેવા માટે નહિ.' અયોગ્ય વ્યક્તિ પર ખોટા અહમ્‌નો ભોગ બને છે અને આ જ અહમ્ એમને લોકપ્રિય બનતાં અટકાવે છે. કોઇ એમની સાથે વાત કરવા તૈયાર નથી હોતું.

માત્ર તમારો સ્વાર્થ જ જુઓ :

આવો જ અવગુણ છે સ્વાર્થી બનવું. જે વ્યક્તિ પોતાનું કામ પતી જતાં મોં ફેરવી લે છે, તેમના તરફ પણ ઘણાબધા નફરત કરે છે.

એ સત્ય છે કે વ્યક્તિની નાપસંદગીનું કારણ તો હોય જ. જો લોકો આપને પસંદ કરતા ન હોય તો ચિંતા ના કરશો. નાપસંદગીનું સાચું કારણ શોધો અને એને દૂર કરો, પછી જુઓ, તમને કેવી લોકપ્રિયતા મળે છે.

આ માટે એક કહેવત છે કે 'માણસ એ કહેવાય

ચીન બાદ હવે પાકિસ્તાનની અવળચંડાઈ

પાક. ઘુસણખોરીને નિષ્ફળ બનાવતા ભારતીય સૈનિકો

જમ્મુ,તા.૮

પાકિસ્તાને ચીને કરેલા અડપલા પછી હવે અંકુશરેખા પર અડપલું કરવાની કોશિષ કરી છે. ગઈકાલે પાકિસ્તાની રેંજરોએ સાંબા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય અંકુશરેખા અને કુપવાડા જિલ્લાના ચોકીબલ વિસ્તારમાં ગેરકાયદે ઘુસણખોરી કરવાના હેતુસર ભારતીય સ્થળો પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો.

ભારતીય જવાનોએ પણ વળતો જવાબ આપ્યો હતો અને પાકિસ્તાની સૈનિકોની ગેરકાયદે ઘુસણખોરી કરવાની કોશિષને જડબાતોડ જવાબ આપ્યો હતો અને નિષ્ફળ બનાવ્યો હતો. અત્યારે ભારતીય સીમારેખા ઉપર તણાવનો માહોલ છે ત્યારે અજંપાભરી શાંતિ છે. પાકિસ્તાનનાં સીધા નિશાન પર આવેલી સાંબાના રામગઢ સેક્ટરની બલ્લડ પોસ્ટના ડેલ્ટા ૮ પોઈન્ટ ઉપરથી સવારે પાંચ વાગ્યે આતંકવાદીઓના એક જૂથે ઘુસણખોરી કરવાની કોશિષ કરી હતી. અંધારૂ હોવાના કારણે તેનો લાભ લઈને સીમારેખાની નજીક આવી ચૂકેલા આ ઘુસણખોરોને સીમાસુરક્ષા દળના પદ રેજીમેંટના જવાનોએ ચેતવણી આપીને ત્યાંજ ઉભા રહી જવાનું કહી દીધું હતું પરંતુ ઘુસણખોરોએ કેટલીક આડશોની પાછળ ઉભા રહીને પાકિસ્તાન તરફ ભાગવાનું શરૂ કરી દીધું હતું તે દરમિયાન પાકિસ્તાને આ ઘુસણખોરો પર કવર ફાયરિંગ કર્યુ હતું. ભારતના જાબાંજ જવાનોએ તેનો જડબાતોડ જવાબ આપ્યો હતો. ભારત-પાક. વચ્ચે લગભગ ૩૦ મિનિટ સુધી ફાયરિંગ થયું હતું. બીએસએફના અધિકારીઓએ અંકુશરેખાની મુલાકાત લીધી હતી અને બલ્લડ પોસ્ટની આજુબાજુના ક્ષેત્રમાં સર્ચ ઑપરેશન શરૂ કર્યું હતું. જોકે આ ફાયરિંગમાં કોઈ નુકસાન થયું નથી પરંતુ આ બાબતે સીમાસુરક્ષા દળના ડીઆઈજી જે.એસ.ઓબેરોયે જણાવ્યું હતું કે, આ અથડામણ અને ઘુસણખોરીની ઘટના બાદ અમે પાકિસ્તાની સૈનિકોને ફ્લેગ મિટિંગ કરવા અંગેનો સંદેશ મોકલ્યો છે પરંતુ હજુસુધી તેમના તરફથી કોઈ જવાબ આવ્યો નથી. ઉત્તર કાશ્મીરમાં પણ પાકિસ્તાને ઘુસણખોરી કરવાનો પ્રયાસ કરીને અંકુશરેખાનું ઉલ્લંઘન કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ભારતીય જવાનોએ વળતો જવાબ આપી તેમની આ હરકતને નિષ્ફળ બનાવી દીધી હતી. સમગ્ર ક્ષેત્રમાં ઘુસણખોરોને શોધી કાઢવાનું અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે.

હવે ખાનગી ઓપરેટરો બસો દોડાવી શકશે નહીં

લખનૌ,તા.૮

ઉત્તર પ્રદેશનું રાજકારણ સપા અને બસપા વચ્ચે પીસાઈ રહ્યું છે. આવનારી લોકસભા ચૂંટણીમાં વધુ સીટો પ્રાપ્ત કરવા માટે બંને પક્ષ કમર કસી રહ્યા છે અને જાતજાતના પેંતરા અપનાવી રહ્યા છે. હાલમાં અખિલેશ સરકાર સત્તારૂઢ હોવાથી ગઈકાલે મળેલી એક મંત્રીમંડળની એક બેઠકમાં ઉત્તરપ્રદેશનાં રાષ્ટ્રીય રાજમાર્ગો પર અખિલેશ સરકારે ડબલડેક્કર બસો ચલાવવાના બસપા નિર્ણયને જાકારો આપી દીધો હતો.

સરકારે ખાનગી ક્ષેત્રના માર્ગોપર ખાનગી ઓપરેટરો દ્વારા પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે હવે નીતિ બનાવવાનો નિર્ણય કર્યો છે. મંગળવારે મંત્રીમંડળની એક બેઠકમાં ૨૦૦૮માં લેવાયેલા ટ્રાન્સપોર્ટેશન અંગેના આ નિર્ણયમાં પ્રાઈવેટ ઓપરેટરો દ્વારા ચલાવાતા ટ્રાન્સપોર્ટરો કેટલાક માર્ગોપર સેવા આપતા નથી માટે વર્ષ ૨૦૦૮માં માયાવતી સરકારે જાહેર કરેલો એક પરિપત્ર રદ્દ કરવામાં આવ્યો છે જેમાં ૪૬૦ રસ્તાઓ પર ખાનગી ઓપરેટરોને ડબલ ડેક્કર બસ ચલાવવાની પરવાનગી આપવામાં આવી હતી. ગઈકાલે મોટરયાન અધિનિયમ ૧૮૮ની કલમ ૧૦૨ હેઠળ આ નિર્ણયને હવે પહેલાંની સ્થિતિમાં લાવ્યા પછી નવેસરથી આ તમામ માર્ગોપર પરિવહનની વ્યવસ્થા કેવી રીતે ઉપલબ્ધ કરાવવી તે અંગેની નવી નીતિ ઘડવામાં આવશે. અખિલેશ સરકારના નિર્ણયથી સપામાં સન્નાટો છવાઈ ગયો છે. ૪૬૦ માર્ગો પર ખાનગી ઓપરેટરો દ્વારા ડબલડેક્કર બસ ચલાવવાની પરવાનગી રદ્દ થવાના કારણે અનેક ખાનગી ઓપરેટરો પણ બેકાર થઈ શકે છે.